





## ''ઈંધણાં વીણવા ગઈતી મોરી સહિયર''... તાલે મોડાસામાં બીજા નોરતે ખેલૈયા ઝૂમ્યા

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં નવરાત્રીનો રંગે ચંગે મા ની આરાધના સાથે પ્રારંભ થયા બાદ બીજા નોરતે મોડાસા શહેરના નવરાત્રી સ્થળોએ ઉમંગ-ઉલ્લાસ સાથે ખેલૈયાઓ ગરબે રમવા મેદાને ઉમટ્યા હતા. મોડાસાના કલ્યાણ ચોકમાં મોટી સંખ્યામાં મા આદ્યશક્તિની આરતી યોજાયા બાદ સોસાયટીની મહિલાઓ અને યુવતીઓ ગરબે ઘૂમી હતી. હજુ નવરાત્રી પર્વનો રંગ જામ્યો હોય તેવો માહોલ જોવા મળતો નથી ચારે બાજુ વાતાવરણમાં ગરબાની ગુંજ સંભળાઈ રહી છે. નવરાત્રીના આયોજક મંડળ દ્વારા ખેલૈયાઓને આકર્ષવા માટે ઈનામ સ્પર્ધા યોજી રહ્યા છે.

# આંતરરાજ્ય વાહનચોર ટોળકીને ઝડપી પાડતી બનાસકાંઠા જિલ્લા પોલીસ

### ૧ કરોડથી વધુ રકમના ૨૦ જેટલા વાહનો ઝપ્ત કરી 3 આરોપીની કરી ધરપકડ

બનાસકાંઠા જિલ્લા પોલીસની એલસીબી ટીમે આંતરરાજ્ય વાહનચોર ટોળકીને



ઝડપી લઈ રૂપિયા એક કરોડ ઉપરાંતના ૨૦ જેટલા ફોર વ્હીલર વાહનો જપ્ત કર્યા છે. વાહન ચોર ટોળકી વાહન ચોર્યા બાદ તેના નવેસરથી ચેચીસ અને એન્જિન નંબર પાડી રજીસ્ટ્રેશન કરાવી તેનું વેચાણ કરી વ્યવસ્થિત નેટવર્ક ચલાવતા હતા.

બનાસકાંઠા સહિત રાજ્યભરમાં વાહન ચોરીના બનાવો વધી રહ્યા હતા ત્યારે બનાસકાંઠા જિલ્લા એલસીબી પોલીસ ટીમે વાહન ચોરી કરતી આંતરરાજ્ય ટોળકીની અટકાયત કરી છે. પોલીસે પાલનપુરના એરોમા સર્કલ પાસેથી ભુરાભાઈ રાજપુતને બોલેરો કાર સાથે પકડી તેની તપાસ કરતા ચેચીસ અને એન્જીન નમ્બર ઘસીને નવેસરથી લખેલા જણાયા હતા. જેથી શંકાના આધારે તપાસ કરતા આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસે અત્યાર સુધી ભૂરાભાઈ મહાદેવભાઈ રાજપૂત રહે, ટડાવ તા.વાવ, ભુદરારામ ઉર્ફે ભરત સાગતાજી પુરોહિત, રહે.વીંછીવાડી, તા.સાંચોર, રાજસ્થાન અને પ્રકાશ કેવલાજી પંચાલ રહે. વજેગઢ,તા.થરાદ એમ ત્રણ આરોપીને પકડી એક કરોડ



પરાંતની કિંમતના ૨૦ ફોર વહીલર વાહનો જેમાં ૮ બોલેરો કાર,૮ પિકપ ડાલા સહિત અન્ય કારો જપ્ત કરી છે.

આ વાહન ચોર ટોળકીએ ગુજરાતના તમામ વિસ્તારો ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં થી પણ વાહનો ચોરી કર્યા છે. ચોરી બાદ વાહનોના એન્જિન અને ચેચીસ નંબર ઘસી નાખી પંચ વડે નવેસરથી એન્જિન અને ચેચીસ નમ્બર મોર્ફ કરતા હતા. જેના આધારે તેઓ ખોટા સેલ લેટર અને એન.ઓ.સી. બનાવી અલગ અલગ જિલ્લાઓ ની આરટીઓ કચેરીમાં થી રજીસ્ટ્રેશન કરાવી ચોરીની ગાડીઓને વેચવાનું કામ કરતા હતા. જેથી આ નેટવર્કમાં આર.ટી.ઓ. કચેરીઓના કર્મચારીઓ ની પણ સંડોવણી બહાર આવે તેવી શકયતા છે. ચોરીના વાહનોમાં મોટેભાગે કચ્છ પારસિંગના વાહનો છે.જેથી પોલીસે તે દિશા માં તપાસ હાથ ધરી છે. વાહનચોરી કરતી આ આંતરરાજ્ય ટોળકી નો મુખ્ય સૂત્રધાર ભુદરારામ ઉર્ફે ભરત તેલં ગણા પોલીસ પર મુથભેડમાં ફાયરિંગ કરેલું તેમજ ત્રણેય આરોપીઓ વાહનચોરી, પ્રોહીબિશન, એન.ડી.પી.એસ. અને ફાયરિંગના ગુનામાં સંડોવાયેલા છે. પોલીસ દ્વારા હજુ પણ આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય લોકોને પકડવાની કાર્યવાહી ચાલુ છે.

# મોડાસામાં પરપ્રાંતિયોનો ભય દૂર કરવા જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક, ડી.ડી.ઓ.એ પકોડી ખાધી

મોડાસા, તા. ૧૨

ઢુંઢર દુષ્કર્મ પછી રાજ્યમાં પરપ્રાંતીયો પર સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા હુમલાઓ થતા અટકાવામાં રાજ્ય સરકાર નિષ્ફળ જતાં કેન્દ્રની મોદી સરકારે ગુજરાત સરકારનો ઉઘડો લઈ નાખ્યો હતો અને જીલ્લા કલેક્ટર, ડીએસપી સહિતના સનદી અધિકારીઓને મેદાનમાં ઉતાર્યા હતા. ત્યારે અરવલ્લી જીલ્લામાં પરપ્રાંતિયોનો વિશ્વાસ સંપાદન કરવા માટે અને હુમલાનો ભય દૂર કરવા અરવલ્લી જીલ્લા કલેકટર એન. નાગરાજન, પોલીસવડા મયુર પાટીલ પત્ની સાથે જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવી મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં પાણીપુરી અને ફાસ્ટફૂડની પરપ્રાંતીય લારીધારકો પાસે આકસ્મિક પહોંચી પાણીપુરીની લિજ્જત માણતા ત્રણ ઉચ્ચ અધિકારીઓને પાણીપુરી ખાતા જોવા મોટી સંખ્યામાં ટોળે ટોળા ઉમટ્યા હતા. પકોડીવાળા રામપાલ સાથે સંવાદ કરી



અફવાઓથી દૂર રહેવા અને સલામતીની ખાતરી આપી હતી અને પકોડીના ૩૦ રૂપિયા ચૂકવી દીધા હતા. ત્રણે અધિકારીઓની સહજતા જીલ્લાવાસીઓમાં ભારે પ્રશંશા પાત્ર બની હતી.

જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જણાવ્યું હતુંકે અરવલ્લી જીલ્લામાં પરપ્રાંતીયો સંપૂર્ણ સુરક્ષિત છે અને પરપ્રાંતીય પકોડીવાળાનો વિશ્વાસ સંપાદન કરવા અને તેમનો ભય દૂર કરવા સામાન્ય વ્યક્તિની જેમ પકોડી ખાવા પહોંચ્યા હતા અને પકોડી ખાધી હતી અને આ વિચાર મારી પત્નીનો હતો.

# ભિલોડામાં રાત્રે રાસ-ગરબા, ડાંડીયા રાસની રમઝટ જામી



ભિલોડા,તા.૧૨

ભારતીય સંસ્કૃતીમાં આસો માસ દરમ્યાન આવતી નવરાત્રીનું ધાર્મિક રીતે વિશેષ મહત્વ છે. નવરાત્રી મહોત્સવનું છેલ્લા કેટલાક વર્ષોથી આગવું મહત્વ છે. માં અંબાની ઉપાસનાનું પણ વિશેષ મહત્વ નવરાત્રી દરમ્યાન હોય છે. નવરાત્રી પર્વના કારણે બજારોમાં રાત્રે સારી ઘરાકી રહેતાં બજારોને જોમ મળ્યું છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રીની ધામધુમ અને ભક્તિભાવ પુર્વક દબાદબાભેર ઠેર-ઠેર ઉજવણીનો રંગ દિન-પ્રતિ-દિન જામતો જાય છે. નવરાત્રી સ્થળો ઉપર ઠેર-ઠેર રંગબેરંગી ઝાકમઝોળ રોશની ઝળહળતી હોય છે. ખૈલયાઓ રાત્રે રાસ-ગરબા,ડાંડીયા રાસની રમઝટ જમાવે છે.

સોનલ ગરબો શિરે અંબે માં ચાલો ધીરે ધીરે... તારા વિના શ્યામ મને એકલડું લાગે... ગબ્બરથી ઉતર્યો વાઘ રે ઓ મારી અંબાજી માં... કેસરીયો રંગ તને લાગ્યો હો ગરબા... આવતા જતાં જરા નજર તો નાખતા જજો...અવનવા પ્રાચિન, અર્વાચિન ગરબા બેન્ડ અનો ડી.જે.ના તાલે ખૈલેયાઓ,ભાવિક ભક્તો, અબાલ, વૃધ્ધ, નાના-મોટા સૌ-કોઈ ગરબાના તાલે હિલોળે ચડ્યા છે. નવરાત્રીનું પાવન પર્વનું આજે ત્રીજુ નોરતું પુર્ણ થઈ ગયું છે.નવરાત્રી દરમ્યાન ઉજવણીનો ધમધમાટ ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે.

# પીરોજપુરાની મહિલાને પતિએ વોટ્સએપ પર તલ્લાક આપી દીધા હોવાની રાવ

પાલનપુર, તા. ૧૨

વડગામ તાલુકાના પીરોજપુરા ગામની મુસ્લિમ મહિલાના લગ્ન ગામના જ શખ્સ સાથે થયા હતા. જેઓ મુંબઈ ખાતે સ્થાયી થયા હતા. જોકે, ત્રણ સંતાનો થયા બાદ આ શખ્સે પરિણિતાને ઘરમાંથી હાંકી કાઢી તે વિદેશ જતો રહ્યો હતો. અને ત્યાંથી વોટસએપ ઉપર તલાક આપતાં પીડિત પરિણિતાએ પાલનપુર ખાતે દોડી આવી એસ.પી.સમક્ષ ન્યાયની ગુહાર લગાવી હતી.

પીડિતાના જણાવ્યા મુજબ, પીરોજપુરાના નસીમબેનના લગ્ન ગામના જ હુસેનભાઈ સાથે થયા હતા. જેમને સંતાનોમાં સુમૈયા, સફીયા અને ઈસ્માઈલ છે. લગ્ન બાદ પતિ સાથે તેઓ મુંબઈ સ્થાયી થયા હતા. જોકે, થોડા સમય બાદ તેણીનો પતિ તેના પરિવારજનોની કાનભંભેરણીથી તેણીની સાથે મારઝુડ કરી હતી. અને તેને છોડી અન્ય સ્ત્રી સાથે આડા સબંધો રાખી ફોરેન મોરેશીશ જતો રહ્યો છે. અને જો રહેવું હોય તો રૂપિયા દસ લાખના દહેજની માંગણીઓ કરી હતી. તેમજ વોટ્સએપ મારફતે તલાકનો વિડિયો વાયરલ કર્યો હતો. આ અંગે પીડીતાએ પાલનપુર ખાતે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી ન્યાયની ગુહાર લગાવી હતી.





## ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નવરાત્રી પર્વની ઉજવણી કરાઈ

ધનસુરામાં આવેલી એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નવરાત્રીને લઈને ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ ટ્રેડિશનલ કપડાં સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ ગરબામાં ભાગ લીધો હતો અને સાથે દીપ ડેકોરેશન પણ રાખવામાં આવ્યુ હતું. બાળકોએ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય રાજકુમારી રાઠોડ અને શાળાના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# મોદરસુંબા ગામે મોતની ચટ્ટાન સામે બાથ ભીડી ભણતરનો ભાર ઉલેચતાં બાળકો

## તંત્રમાં વારંવાર રજુઆતથી પુલનું નિર્માણ કામ મંજુર થતા કામ ગતિશીલના બદલે વાઈબ્રન્ટ હાલતમાં

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારો હજુ પણ વિકાસથી વંચિત છે. ગતિશીલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાતના ગાઈવગાડી સમગ્ર દેશ અને વિશ્વમાં ગાણાં ગવાઈ રહ્યા છે. ગતિશીલ ગુજરાતના વિકાસનો એક બાજુનો ચિતાર દેશના પ્રજાજનોમાં દેખાડી રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બની ગયા બીજીબાજુ હજુ પણ ગુજરાતના અંતરિયાળ ગામડાઓમાં આઝાદીના આટલા વર્ષોના વહાણ પછી પ્રાથમિક સુવિધાઓ અને પીવાના પાણી માટે વલખા મારવા મજબુર બન્યા છે. પ્રજાજનો અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાનું મોદરસુબા ગામ નદી કિનારે હોવાથી માજુમ નદીમાં પાણી આવતા સંપર્ક વિહોણું બની જતા શાળામાં અભ્યાસ કરતા



બાળકો જીવન જોખમે નદીમાંથી પસાર થઈ અભ્યાસ કરવા મજબુર બને છે. ગામના પ્રજાજનો જીવેતે જીવ તો ભારે યાતનાઓ ભોગવે છે પણ મૃત્યુ બાદ પણ અંતિમક્રિયા માટે સ્મશાન લઈ જવા ટ્યૂબવેલના સહારે અંતિમવિધિ માટે લઈ જવાની નોબત આવતા મૃત્યુ બાદ પણ યાતનાઓનો દોર યથાવત રહે છે. માજુમ નદીમાં પાણી આવતાની સાથે જ દુનિયાથી અલિપ્ત બની જતા ગ્રામજનો સતત ભયના ઓથાર નીચે દિવસ-રાત પસાર કરી રહ્યા છે.

મોડાસા તાલુકાના મોદરસુંબા ગામે માજુમ નદીમાં પાણીનો પ્રવાહ શરુ થતાની સાથે વાલીઓના ખભાના સહારે ભણતરનો ભાર ઉલેચવા મથામણ કરતા દ્રશ્યો ગતિશીલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાતનો હવાનો પરપોટો ફુસ્સ કરી દે છે. તંત્રમાં વારંવાર રજુઆત બાદ પુલનું કામ મંજુર તો થયું પરંતુ પુલનું કામ મંથરગતિએ ચાલતા હજુ આ વર્ષ પણ દયનિય હાલતમાં જીવવા ગ્રામજનો મજબુર બન્યા છે.

મોડાસા તાલુકાના જુના મોદરસુંબા અને નવા મોદરસુંબા ગામ વચ્ચેથી માજુમ નદી પસાર થાય છે. આ બે ગામો વચ્ચે દુધ ભરાવવા, બાળકોને સ્કૂલે જવા સહિતના વ્યવહારો ચાલી રહ્યા છે. પરંતુ જ્યારે પણ નદીમાં પાણી આવે એટલે જીવન જરૂરિયાતના વ્યવહારો જીવના જોખમે કેડ સમા પાણીમાંથી પસાર થઈને સામેના છેડે જઈને પુરા કરવા લોકો મજબૂર છે. આ અંગે બે વર્ષ અગાઉ તંત્રએ હરકતમાં આવી પુલની મંજૂરી આપી દીધી હતી અને પુલ બનવાનો પણ શરૂ થઈ ગયો હતો. પરંતુ પુલનું કામ મંથરગતિએ ચાલતુ હોવાને કારણે ચાલુ ચોમાસા પહેલાં પુલ નિર્માણ પામી શક્યો ન હતો. જેના કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મોડાસાના જુના મોદરસુંબા અને નવા મોદરસુંબા ગામ વચ્ચેથી માજુમ પસાર થાય છે. જ્યારે પણ માજુમ ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે આ બે ગામો વચ્ચેનો સંપર્ક તુટી જાય છે. દુધ ભરાવવા માટે જુના મોદરસુંબા ગામના



લોકોએ નવા મોદરસુંબા ગામે આવવું પડે છે. જ્યારે નાના વિદ્યાર્થીઓને પણ નવા મોદરસુંબા ગામે જઈ અભ્યાસ કરવો પડે છે. ત્યારે આ બે ગામો વચ્ચે આવેલી નદીમાં ચોમાસા દરમિયાન જ્યારે પણ પાણી આવે ત્યારે બંને ગામોના લોકોને ભારે હાલાકીનો સામનો વર્ષોથી કરવો પડી રહ્યો છે. આઝાદીને વર્ષો વિત્યા છે. ચારે કોર વિકાસની વાતો થઈ રહી છે ત્યારે આવા અંતરીયાળ નાના ગામડાઓના લોકો તકલીફોમાંથી આઝાદ થયા છે કે કેમ તે જોવાની તંત્રને પડી નથી. બંને ગામો વચ્ચે આવેલી નદી પર પુલ ન હોવાને કારણે ગામના લોકોએ જીવના જોખમે છાતીસમા પાણીમાંથી પસાર થઈને દુધની બરણીઓ લઈને સવાર સાંજ દુધ ભરાવા જવાનો વારો આવે છે. જ્યારે નાના ભુલકાઓને પણ અભ્યાસઅર્થે જવા માટે પણ વાલીઓ પોતાના ખભે બેસાડીને નદી પાર કરાવે છે. જ્યારે વિદ્યાર્થીઓ શાળામાંથી છુટે ત્યારે વાલીઓ આવવાની રાહ જોઈ કિનારે બેસી રહેવાનો વારો આવે છે. જ્યારે પણ વાલી આવે ત્યારે બાળક ખભે બેસી પોતાના ઘરે જઈ શકે છે.

ત્યારે આ ગામના લોકોને જોખમી રીતે નદી પાર કરી પોતાના કામકાજ પતાવવા જવાની ફરજ પડી રહી છે ત્યારે ઝડપથી પુલનું કામ પૂર્ણ થાય તેવી લોકોમાં માંગ ઉઠી છે.